શાબાશ ચિદમ્બરમ, સારું કામ કરો છોઃ વડાપ્રધાન

નવી દિલ્હી, તા. ૬ઃ લાંબા ગાળાથી વિરોધપક્ષની સાથેસાથે પોતાના પક્ષમાંથી ઉઠતી ટીકાઓ વચ્ચે અડીખમ રહેલા ગૃહ-મંત્રી પી.ચિદમ્બરમની કાર્યશૈલીની આખરે પ્રશંસા કરતા વડાપ્રધાને આજે તેમને અત્યંત શ્રેષ્ઠ કામગીરી બજાવ્યા બદલ અભિનંદન આપતા પોતાનો વિશ્વાસ તેમણે સંપાદન કર્યાનો એકરાર કર્યો હતો.

વડાપ્રધાને અત્રે તંત્રીઓ સાથેની મુલાકાતમાં ચિદમ્બરમની નક્સલવાદીઓ સાથે પનારો પાડવા માટેનું ક્ષેત્ર મર્યાદિત હોવાની ફરિયાદ સામે આવતા અમારા સૌના ક્ષેત્ર મર્યાદિત હોવાનું જણાવી ઉમેર્યું હતું કે, એક વાર નીતિ ઘડી કાઢી ત્યાર બાદ તેને અમલમાં મુકાવી જ જોઇએ.

તેમણે ત્યાર બાદ જણાવ્યું હતું કે, મારો પૂરો ટેકો અને મારો પૂરો વિશ્વાસ તેમના ઉપર છે. જે રીતે ગૃહમંત્રીની હેસિયતથી તેમણે મુંબઇ આતંકી હુમલા બાદની મુશ્કેલ સ્થિતિ સંભાળી તે માટે વડાપ્રધાને તેમને અભિનંદન આપ્યા હતા.

નક્સલ તેમજ અન્ય કેટલાક મામલે ખુદ કોંગ્રેસના જનરલ સેક્રેટરી દિગ્વિજય સિંઘ ચિદમ્બરમની વિરુદ્ધ ગણગણાટ કરી રહ્યા છે. તાજેતરમાં 'ભગવા આતંક'ને લઇને અન્ય જનરલ સેક્રેટરી જનાર્દન દ્વિવેદીએ મતભેદો જાહેરમાં ઉઘાડા પાડયા હતા.

કેન્દ્રીય મંત્રીઓની મિલ્કતની માહિતી નહિ આપનાર વડાપ્રધાન કાર્યાલયને તકેદારી પંચની કારણદર્શક નોટીસ

દસ દિવસમાં માહિતી પુરી પાડવા તાકીદ

નવી દિલ્હી, તા.૬ઃ કેન્દ્રીય મંત્રીઓની મિલ્કતો જાહેર કરવાને મામલે માહિતી નહીં પુરી પાડવા બદલ કેન્દ્રીય માહિતી કમિશને વડાપ્રધાન કાર્યાલયને કારણદર્શક નોટીસ પાઠવી છે.

કેન્દ્રીય માહિતી અધિકાર કમિશને વડાપ્રધાનના મુખ્ય માહિતી અધિકારીને ૧૦ દિવસમાં પુરી પાડવા તાકીદ કરી છે. માહિતી અધિકાર કચેરી દ્વારા વારંવાર જાણ કરવામાં આવી હોવા છતાં માહિતી પુરી પાડવામાં આવી નથી તેમ નોટીસમાં કમિશને જણાવ્યું છે. ૧૦ સપ્ટેમ્બર સુધીમાં શું પગલા ભરવામાં આવ્યા તેની જાણ કરવા પણ જણાવવામાં આવ્યું છે.

એસ.સી. અગ્રવાલે કેબીનેટ સચિવાલય પાસેથી કેન્દ્રીય પ્રધાનોની મિલ્કત, સંપત્તિ અને આવક અંગે માહિતી માંગી હતી. જે વડાપ્રધાન કાર્યાલયને જાણકારી મેળવવા મોકલી આપવામાં આવી હતી. કમિશને આ વર્ષની ૭ જૂને વડાપ્રધાન કાર્યાલયને કેબીનેટ મંત્રીઓની લોકસભાના અધ્યક્ષ અને રાજયસભાના ચેરમેન પાસેથી સ્પષ્ટતા મેળવી મિલ્કત જાહેર કરવા સૂચવ્યું હતું. બંને ગૃહ પાસેથી સ્પષ્ટતા મેળવવાની કવાયત ૧૦ દિવસમાં પૂરી કરવા જણાવ્યું છે. માહિતી કમિશનર વઝાહત હબીબુલ્લાહે એસ.સી. અગ્રવાલની અરજી સંદર્ભે નિયત સમય મર્યાદામાં માહિતી નહિ પૂરી પાડવા જણાવ્યું છે.

કમિશનરે લોકસભાના અધ્યક્ષ મીરાંકુમાર અને રાજયસભાના ચેરમેન હમીદ અન્સારીને મિલ્કત અને જવાબદારી જાહેર કરવા મંજૂરી આપવા વિનંતી કરી છે.



પવિત્ર રમઝાન માસના આખરી સપ્તાહ દરમિયાન મક્કામાં દુનિયાભરમાંથી આવેલા લાખ્ખો હજયાત્રીઓએ બંદગી કરી હતી.

પ્રશાંત મહાસાગરમાં

અમેરિકાનું વર્ચસ્વ તોડવા ચીન કેરિયર કિલર મિસાઈલ ગોઠવવાની તૈયારીમાં

મિસાઈલની રેન્જ વીસ હજાર કિમીની છે

બૈજિંગ, તા.૬ઃ પ્રશાંત મહાસાગરમાં અમેરિકી નૌકાદળનું વર્ચસ્વ તોડવા માટે વાપરવાનો દાવો કરી ચીન પોતાનું નવું અમોઘ શસ્ત્ર કેરિયર કિલર મિસાઈલ ગોઠવવાની તૈયારીમાં છે.

ચીન પોતાના દરિયામાં વિદેશના વિમાનવાહક જહાજોને નહીં ફરકવા દે તેવી ચેતવણી આપી 'ગ્લોબલ ટાઈમ્સ' અખબારે જણાવ્યું હતું કે એન્ટીશિપ બેલિસ્ટિક મિસાઈલ કાર્યાન્વિત થવાની તૈયારીમાં છે.

સત્તાવાર ચીની પ્રસાર માધ્યમ દ્વારા મિસાઈલ કાર્યાન્વિત થવાની તૈયારી વિશેના દાવાની સાથોસાથ પ્રશાંત મહાસાગરમાં અમેરિકી નૌકાદળના એક ટોચના કમાંડરે કહ્યું હતું કે ચીને મિસાઈલના વારંવારના પરીક્ષણ હાથ ધરવા માંડયા છે અને તેને કાર્યાન્વિત કરવાના આરે છે. 'પીપલ્સ ડેઈલી'ના એક મુખપત્ર 'ગ્લોબલ ટાઈમ્સ'ના અગ્રલેખમાં જણાવાયું છે કે ચીનને નિઃશંકપણે અત્યંત ભરોસાપાત્ર વિમાનવાહક જહાજ વિરોધી ક્ષમતા હાંસલ કરવી જ પડશે. ચીનની આ મિસાઈલો પ્રશાંત મહાસાગરમાં કાર્યરત અમેરિકાના વિમાનવાહક જહાજની આગેવાની હેઠળના યુધ્ધખોર જુથો માટે ડારક છે. તેને માટે માત્ર જહાજવિરોધી બેલિસ્ટિક મિસાઈલ જ નહીં પણ અન્ય વાહકતાનો પણ નાશ કરવામાં પગલાંની જરૂર છે.

ગત સપ્તાહે અમેરિકાના પેસિફિક કમાંડર એડમિરલ રોબર્ટ વિલાર્ડે કહ્યું હતું કે, ચીન આ મિસાઈલો કાર્યરત કરવાની તૈયારીમાં છે. પણ તેનાથી અમેરિકા ચીન પાસેના આંતરરાષ્ટ્રીય જળમાં સૂચવાતા પોતાના માર્ગથી ચલિત નહીં થાય.

અમેરિકી લશ્કરી નિષ્ણાતોએ કહ્યું હતું કે લાંબા સમયથી જેનો ડર હતો તે આ નવી મિસાઈલ તેની ડોંગફેંગ ૨૧ મિસાઈલનો નવો અવતાર છે અને તે અમેરિકાના સૌથી મજબૂત જહાજને પણ ભેદી શકે છે.

અમેરિકાના નૌકાદળના કમાંડરોએ ચેતવણી આપી હતી કે આ મિસાઈલોની રેંજ ૨૦,૦૦૦ કિલોમીટરની એટલે કે જળસીમા બહાર પણ લાંબે સુધી છે.

દેશના અણુ કાર્યક્રમના મહારથિ અણુવિજ્ઞાની હોમી શેઠનાનું અવસાન

ભારતના પ્રથમ અણુ પરીક્ષણના ચાલકબળ હતા

મુંબઇ, તા. ૬ (એજન્સીઝ): અણુ ઉર્જા પંચના ભૂતપૂર્વ ચેરમેન અને ભારતના પ્રથમ અણુ પરીક્ષણ પાછળના ચાલકબળ એવા અણુ વૈજ્ઞાનિક હોમી નૌશરવાનજી શેઠનાનું લાંબી બીમારી બાદ અત્રેના મલબાર હિલ ખાતેના તેમના નિવાસ-સ્થાને અવસાન થયું હોવાનું તેમના પરિવારજનોએ જણાવ્યુંહતું. તેઓ ૮૬ વર્ષના હતા અને તેમની પાછળ એક દીકરી અને એક દીકરો છોડી ગયા છે. શેઠનાનું ગઇ રાતે ૧૧-૧૫ કલાકના સુમારે અવાન થયું હતું. તેમની અંતિમ વિધિ આવતી કાલે ડુંગરવાડી ખાતે યોજાશે. અણુવૈજ્ઞાનિક અને કેમિકલ ઈજનેર હોમી શેઠનાએ ૧૯૫૯માં ટ્રોમ્બે ખાતે ભારતનો પ્રથમ પ્લુટોનિયમ પ્લાન્ટ ઉભો કરવા માટેની જવાબદારી સંભાળી હતી. તેમને પદ્મવિભૂષણનો ખિતાબ એનાયત થયો હતો.



અણુ ઉર્જા પંચના ચેરમેનપદેથી શેઠના ૧૯૮૪માં નિવૃત્ત થયા હતા. તેમણે તાતા પાવરના ચેરમેન તરીકેપણ વર્ષ ૨૦૦૦ સુધી સેવા આપી હતી. તેઓ તાતા સન્સ, બોમ્બે ડાઇંગ અને અન્ય કેટલીક કંપનીના બોર્ડમાં હતા. તેઓ યુનોની સલાહકાર સમિતિમાં પણ હતા.

બ્રિટિશ સાંસદની પત્ની સેક્સ વર્કર

લંડન, તા. ૬ : ટોરી પક્ષના સાંસદ માઇક વેઇર્લીની ૩૯ વર્ષની બ્રાઝિલીયન પત્ની કાર્લા અહીંના ત્રણ વેશ્યાગૃહોમાં સેક્સ વર્કર તરીકે કામ કરતી હોવાના અહેવાલો સન્ડે મિરરે આપ્યા છે.

વર્ષના આરંભમાં સામાન્ય ચૂંટણીઓ દરમ્યાન કેમરોન વેઇર્લી સાથે રહીને પ્રચાર કાર્ય કરતા હોવાથી આ વાતનો ભાંડો ફૂટતા કેમરોન માટે ચિંતાજનક સ્થિતિનું નિર્માણ થયું છે.

પ્રથમવાર વેઇર્લીની કાર્લા સાથે દસ વર્ષ અગાઉ રિચાડી જાનેરો ખાતેની તેમની વ્યવસાય અંગેની યાત્રા દરમ્યાન મુલાકાત થઇ હતી તે સમયે તે સેક્સ વર્કર હતી તે બાબત વેઇર્લી જાણતા ન હતા એમ કહેવાનું નકામું છે. સંબંધો વિકસતા વેઇર્લીએ દરિયાકાંઠે એપાર્ટમેન્ટ લઇ આપ્યું હોય બાદમાં કાર્લાને બ્રિટન લાવી ત્યાં તેની સાથે ૨૦૦૩માં પરણ્યા.

પોતાના કલંકિત ભૂતકાળને પાછળ રાખી પોતે હાઉસવાઇફ હોવાની નોંધ લગ્નના રજીસ્ટરમાં કરાઇ છેલ્લા ફેબ્રુઆરીમાં જ્યારે વેઇર્લી ચૂંટણી પ્રચારમાં ગળાડૂબ હતા ત્યારે કાર્લાએ પુનઃ સેક્સ વર્કરના ક્ષેત્રમાં પ્રવેશ કર્યો હતો.

બિહારમાં બંધક કટોકટીનો સુખદ અંતઃ ત્રણ અપહૃત પોલીસો બિનશરતે મુક્ત

લખીસરાઇ/પટણા, તા. ૬ (એજન્સીઝ): માઓવાદીઓએ લખીસરાઇ જિલ્લામાં અપહૃત કરેલા ત્રણ પોલીસોને આજે મુક્ત કરી દેતા નવ દિવસ જુની 'બંધ કટોકટી'નો અંત આવ્યો છે. જો કે એક બંધક પોલીસને મારી નાંખ્યાના ત્રણ દિવસ બાદ બાકી ત્રણ અપહૃત પોલીસોને મુક્ત કરવામાં આવ્યા છે.

ચનાન અને કજરા જંગલોના સીમા વિસ્તારમાં લખીસરાઇ જિલ્લાના ટેકરાળ વિસ્તારમાં સીમરા નજીક ત્રણ પોલીસો સબ-ઇન્સ્પેકટરો અભયપ્રસાદ યાદવ અને રૂપેશકુમાર સિંહા તથા બિહાર મિલિટરી પોલીસના હવાલદાર અહેસાન ખાનને બિનશરતે છોડી મુકવામાં આવ્યા હતા. તેઓ હેમખેમ અને તંદુરસ્ત છે અને તેઓ પોતાના આતુર પરિવારને મળ્યા હતા.

માઓવાદીઓએ અપહરણ કરેલા પોલીસોના ભાવિ અંગે પ્રવર્તતી તનાવપૂર્ણ પરિસ્થિતિ બાદ તેઓની મુક્તિ મુખ્ય પ્રધાન નીતિશકુમાર માટે રાહતદાયક બની હતી. અપહૃત પોલીસોના પરિવારો, સલામતી દળો પણ બંધક પોલીસોની હેમખેમ મુક્તિ માટે તીવ્ર દબાણ હેઠળ હતા.

મુખ્ય પ્રધાન નીતિશકુમારે કહ્યું હતું કે, આખરે હવે પૂરું થયું છે. તેમણે ઉમેર્યું હતું કે, પોલીસોની મુક્તિ પાછળ કોઇ સોદાબાજી થઇ નથી. માઓવાદીઓએ બંક પોલીસોની મુક્તિના બદલામાં તેઓના જેલવાસી આઠ સાથીઓની મુક્તિની માગણી કરી હતી.

પટણામાં નીતિશકુમારે કહ્યું હતું કે, રાજકીય પક્ષોની સંયુક્ત અપીલ, જનતાના દબાણે બંધક જવાનોની સહીસલામત મુક્તિમાં મદદ કરી.

રાહુલ સુરક્ષા કવચ તોડી જનતાને મળવા ધસી ગયા

સુરક્ષા કર્મીઓને નવનેજાં આવ્યાઃ રેલી સ્થળેધમાચકડી-નાસભાગ

કોલકાતા, તા. ૬ (પીટીઆઇ): રાજ્યમાં વિધાનસભા ચૂંટણીઓના પડઘમ વચ્ચે અત્રે ડાબેરીઓના ગઢમાં આવી પહોંચેલા કોંગ્રેસના મહામંત્રી રાહુલ ગાંધી સુરક્ષા વ્યવસ્થાની ઐસીતૈસી કરી સામાન્ય જનતાને મળવા ધસી જતા સુરક્ષા કર્મીઓને પસીનો છૂટી ગયો હતો.

કોલકાતાની છ કલાકની મુલાકાત દરમિયાન રાહુલે એક નાનો રોડ-શો કરવા ઉપરાંત અત્રેના શહીદ મિનાર મેદાન ખાતે એક જનરેલીને સંબોધી હતી.

પોતાના દસ મિનિટના વકતવ્યમાં રાહુલે ઉચ્ચાર્યું હતું કે પોતે દેશના આ છેડાથી પેલા છેડા સુધી પહોંચી આમ જનતામાં ભળી જવા માંગે છે.

ત્યાર બાદ અત્યંત જુસ્સામાં જણાતા રાહુલ મંચ પરથી ઉતરી સીધા લોકટોળાં વચ્ચે જઇ પહોંચ્યા હતા અને તેમને મળવા અને સ્પર્શ કરવા પડાપડી કરી રહેલા કોંગ્રેસી કાર્યકરો સાથે પોતાની સુરક્ષાની પરવા કર્યા વિના હાથ મિલાવવાનું શરૂ કરી દીધું હતું.

અગાઉ રેલીના સ્થળે ઉત્સાહી કોંગ્રેસી કાર્યકરોએ આડશો તોડી નાંખી મીડિયા માટેના અલાયદા વિભાગમાં ઘૂસી જવા પ્રયાસ કરતા ભારે ધમાચકડી મચી ગઇ હતી. નાસભાગમાં કેટલાક લોકો ચગદાયા હતા, ખુરશીઓ ભાંગી ગઇ હતી જ્યારે કેટલાક લોકોને સામાન્ય ઇજા પહોંચી હતી.

રોડ શો દરમિયાન પણ રાહુલે રસ્તાની બંને બાજુએ પોતાની પ્રતિક્ષા કરી રહેલી જનતાનું તેઓ નિરાંતે અભિવાદન કરી શકે તે માટે ડ્રાઇવરને કાર ધીમે હંકારવા જણાવ્યું હતું તથા કારનો દરવાજો ખુલ્લો રાખી લોકોનું હાથ હલાવી અભિવાદન કર્યું હતું.

લોકોએ પણ રાહુલને એટલો જ ઉમળકાભેર પ્રતિસાદ આપ્યો હતો.

હરિયાણામાં ગૃહપ્રધાનની કારમાં બળાત્કારનો આક્ષેપ

રાજ્ય વિધાનસભામાં હોબાળો

ચંદીગઢ, તા. ૬ (પીટીઆઇ): અત્રેના ગુડગાંવમાં જે કારમાં યુવતી પર કથિત બળાત્કાર થયો હતો તે કાર રાજ્યના ગૃહ-પ્રધાન ગોપાલ કંડાની હતી તેવા વિરોધ-પક્ષના આક્ષેપોના પગલે હરિયાણા વિધાનસભા ગૃહમાં આજે ભારે હોબાળો મચી ગયો હતો. જો કે રાજ્યના ગૃહપ્રધાને આ આક્ષેપો ફગાવી દીધા હતા.

આજે પ્રશ્ન કલાકની સમાપ્તિ બાદ કેટલીક ટીવી ચેનલોએ પ્રસારિત કરેલી આ બનાવની વિગતોના મુદ્દે શાસક કોંગ્રેસ અને વિરોધપક્ષ ભારતીય રાષ્ટ્રીય લોકદળના વિધાનસભ્યો આમનેસામને આવી ગયા હતા અને શબ્દોની ઉગ્ર આપ-લે કરતા ગૃહમાં વરવા દ્રશ્યો સર્જાયા હતા. બંને પક્ષોના કેટલાક સદસ્યો ગૃહના મધ્ય ભાગમાં ધસી ગયા હતા અને અન્યો અન્યને પડકાર ફેંકવા લાગતા ગૃહના સ્પીકર હરમોહિન્દરસિંઘને આશરે અડધો કલાક માટે ગૃહની કાર્યવાહી મોકૂફ રાખવાની ફરજ પડી હતી. અગાઉ પ્રશ્ન કલાક બાદ તુરન્ત રાજ્યના ભૂતપૂર્વ મુખ્યમંત્રી ઓમપ્રકાશ ચૌટાલાએ આ મુદ્દો ઉઠાવ્યો હતો અને જણાવ્યું હતું કે, ટીની ચેનલોમાં દર્શાવાઇ રહ્યું છે કે રાજ્યના ગૃહપ્રધાનની કારમાં કેટલાક લોકોએ એક યુવતી પર પાશવી બળાત્કાર ગુજાર્યો છે. તેમણે ખેદ સાથે જણાવ્યું હતું કે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તદન કથળી ચૂકી છે.

આમીર ખાન પ્રિન્સ ચાર્લ્સ સાથે ડિનર લેશે

મુંબઇ, તા. ૬ઃ બોલિવુડ સુપરસ્ટાર આમીર ખાન અને તેની પત્ની કિરણ રાવ ખાનને પ્રિન્સ ઓફ વેલ્સ અને કેમિલા પાર્કર બોલ્સ દ્વારા લંડનના વેસ્ટ મિનિસ્ટરના માર્લબોરો નિવાસસ્થાને તેમની સાથે ડીનર કરવાનું આમંત્રણ આપવામાં આવ્યું છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર આમીર આ વાતથી ખુશ છે અને તેણે પ્રિન્સ ચાર્લ્સ દ્વારા તેમની સાથે ડીનર તથા કોકટેલનું આપેલ આમંત્રણ સ્વીકાર્યું છે. આમીર ૯ સપ્ટેમ્બરે તેની પત્ની કિરનની ફિલ્મ ધોબીઘાટ ટોરોન્ટો ફિલ્મ ફેસ્ટિવલમાં દર્શાવવાની હોઇ ત્યાં જશે ત્યાર બાદ તે યુ. કે.માં પિપલી લાઇવના રિલિઝ માટે ૨૪ સપ્ટેમ્બરે લંડનમાં હશે અગાઉ પદ્મનિ કોલ્હાપુરી બેડમેન તરીકે જાણીતા ગુલશન ગ્રોવર સાથે પ્રિન્સ ઓફ વેલ્સએ મુલાકાત લીધી છે.

પ્રોવિડંટ ફંડ અને પેન્શન બંનેના હિસાબ અલગ રાખવા નિષ્ણાત સમિતિની ભલામણ

નવી દિલ્હી, તા.૬ઃ પેન્શન યોજનામાં ભંડોળ ઘટવાના પડકાર અને ખાતેદારો માટે વધુ પારદર્શિતા દાખલ કરવા માટે કર્મચારીઓ માટેના પ્રોવિડંટ ફંડ અને પેન્શનના હિસાબ અલગ પાડવાની એક નિષ્ણાત જૂથે ભલામણ કરી છે.

હાલની યોજના હેઠળ પેન્શન એમ્પ્લોઇઝ પ્રોવિડંટ ફંડ ઓર્ગેનાઇઝેશનની હકૂમત હેઠળના પેન્શન ભંડોળમાંથી અપાય છે. વિધિસરના ક્ષેત્રના ૪.૪૫ કરોડ કામદારોને આવરી લેતી ૧૯૯૫ની એમ્પ્લોઇ પેન્શન સ્કીમ અત્યારે મળતા આંકડા પ્રમાણે તા.૩૧ માર્ચ, ૨૦૦૬ સુધીમાં ₹ ૨૨૦૦૦ કરોડની ખાધ દર્શાવી ચૂકી છે.

વધારાના મજૂર સચિવ એસ. કે. શ્રીવાસ્તવની આગેવાની હેઠળની સમિતિએ પ્રોવિડંટ ફંડ કમ એન્યુઇટી સ્કીમની દરખાસ્ત કરી છે જે અન્વયે દરેક સભ્યના બે ખાતા- પ્રોવિડંટ ફંડ એકાઉન્ટ અને એન્યુઇટી કન્ટ્રીબ્યુશન (અથવા પેન્શન) એકાઉન્ટ રખાશે.

સમિતિ માને છે કે આ પગલાંથી એમ્પ્લોઇઝ પેન્શન સ્કીમમાં વધતી ખાધ ઘટાડવામાં મદદ મળશે. કારણકે એમ્પ્લોઇઝ પ્રોવિડંટ ફંડ ઓર્ગેનાઇઝેશન અન્યુઇટી સ્કીમ ખરીદીને ખાતેદારને પૈસા આપશે. એન્યુઇટી સ્કીમ વીમા કંપનીએ વેચેલી યોજના છે જે ધારકને ચોકકસ સમયાંતરે - ખાસ કરીને નિવૃત્તિ પછી પૈસા આપે છે.

એમ્પ્લોઇઝ પ્રોવિડંટ ફંડ ઓર્ગેનાઇઝેશનના સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટીઝની બેઠકમાં તેની ચર્ચા થશે. અત્યારે કામદાર એમ્પ્લોઇઝ પ્રોવિડન્ટ ફંડમાં પૈસા જમા કરાવે છે અને પ્રોવિડન્ટ ફંડ તેમજ પેન્શન બંને માટે હકદાર છે.

મફત શિક્ષણનો કાયદો સુપ્રીમ કોર્ટે બંધારણીય બેન્ચને સુપ્રત કર્યો

શિક્ષણ અધિકાર કાયદાના બંધારણીય સુધારાને સુપ્રીમ કોર્ટમાં પડકાર

નવી દિલ્હી, તા. ૬ઃ બાળકો મફત અને ફરજિયાત શિક્ષણ ઉપલબ્ધ કરાવવાની જોગવાઇની બંધારણીય યોગ્યતાની પાંચ ન્યાયમૂર્તિઓની પીઠ ચકાસણી કરશે એવો સર્વોચ્ચ અદાલતે આજે નિર્ણય કર્યો હતો. પરિણામે હવે મફત અને ફરજિયાત શિક્ષણ અંગેનો કાયદો ન્યાયિક તપાસના દાયરામાં આવી ગયો છે. સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટ કર્યું હતું કે શિક્ષણ અધિકાર કાયદાના અમલીકરણ માટે આવશ્યક બંધારણીય સુધારાને પડકારાયો હોવાથી આ મસલાની કાનૂની યોગ્યતા ચકાસવા તેને સર્વોચ્ચ અદાલતની વિસ્તૃત પીઠ સમક્ષ રજૂ કરવામાં આવશે.

સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ એસ. એચ. કાપડીયા અને ન્યાયમૂર્તિઓ કે. એસ. રાધાકિષ્નન અને સ્વતંતર કુમારને સમાવતી પીઠે પોતાના નિર્ણયમાં જણાવ્યું હતું કે માર્ગદર્શન માટે આ બાબત પાંચ ન્યાયમૂર્તિઓની પીઠ સમક્ષ રજૂ કરાશે. પીઠે જણાવ્યું હતું કે, રજૂ કરાયેલો મુદ્દો કલમ ૧૫ (૫) અને કલમ ૨૧ (એ)ની બંધારણીય યોગ્યતા સંબંધિત હોવાથી તેને પાંચ ન્યાયમૂર્તિઓની વિસ્તૃત પીઠને સુપરત કરાયો છે.

પિટિશનોના સમૂહમાં દલીલ રજૂ કરાઇ છે કે શિક્ષણ અધિકાર ધારો, ૨૦૦૯ 'ગેરબંધારણીય' અને મૂળભૂત અધિકારોનું 'હનન' કરનારો છે. અરજકર્તાઓએ પોતાની દલીલના સમર્થનમાં અગિયાર ન્યાયમૂર્તિઓને સમાવતી સર્વોચ્ચ અદાલતની બંધારણીય પીઠના ટીએમએ પૈ કેસના ચુકાદાને ટાંકયો હતો જેમાં ખાનગી શિક્ષણ સંસ્થાઓને મહત્તમ સ્વાયત્તતા આપવાનું ઠરાવાયું હતું.

અરજકર્તાઓએ શિક્ષણ અધિકાર ધારાના અમલીકરણ સામેના પોતાના વાંધાઓની રજૂઆત કરતા જણાવ્યું હતું કે ઉકત કાયદાના સેકશન ત્રણની જોગવાઇ અનુસાર બિનઅનુદાનિત ખાનગી તેમજ લઘુમતી સંસ્થાઓ સહિત તમામ શાળાઓ માટે શાળાના અડોશ-પડોશના વિસ્તારમાંથી પ્રવેશ માટે આવતા તમામ બાળકોને શાળામાં પ્રવેશ આપવો ફરજિયાત બન્યો છે. પ્રવેશ પ્રક્રિયા વેળાએ પ્રવેશોત્સુક વિદ્યાર્થીઓમાંથી તારવણી કરવાનું આવશ્યક બનતું હોય છે પરંતુ શિક્ષણ ધારા, ૨૦૦૯માં તેના પર રોક લગાવાય છે. ત્રણથી છ વર્ષની વય બાળકના શિક્ષણ માટે મહત્ત્વપૂર્ણ નીવડતી હોય છે પરંતુ આ બાબતે શિક્ષણ ધારો મૌન છે. આ ઉપરાંત પ્રવેશ વેળાએ બાળકોના વયની ખરાઇ કરવાની પણ શિક્ષણ ધારા અંતર્ગત પરવાનગી નથી. એટલું જ નહીં પરંતુ શાળામાં ગેરશિસ્તભર્યું વર્તન કરતા વિદ્યાર્થીઓને હાંકી કાઢવાની સત્તા પણ આ કાયદાની જોગવાઇથી છીનવાય છે. અરજકર્તાઓએ શિક્ષણ ધારાની એ જોગવાઇને પણ પડકારી છે કે જે અંતર્ગત તમામ બાળકોને ધોરણ આઠ સુધી બઢતી આપ્યા કરવાનું ફરજિયાત છે.

અત્રે ઉલ્લેખનીય છે કે શિક્ષણ અધિકાર ધારો ૬-૧૪ વર્ષની વયના બાળકો માટે મફત અને ફરજિયાત શિક્ષણની જોગવાઇ ઉપરાંત ખાનગી શૈક્ષણિક સંસ્થાઓ માટે ગરીબ વર્ગના બાળકો અર્થે પચીસ ટકા બેઠકો આરક્ષિત રાખવાનું પણ ફરજિયાત બનાવે છે. જે જોગવાઇને ખાનગી સંસ્થાઓ પોતાની સ્વાયત્તતા પર તરાપ ગણાવે છે.

એશના અભિષેક જોડે લગ્નથી હું ખુશ છુંઃ સુલ્લુમિયાં

મુંબઇ, તા. ૬ઃ સલમાન ખાને ટીવી ચેનલને આપેલી મુલાકાતમાં પોતાના જીવનની અનેક 'તડકા છાયડા' વર્ણવતા આખરે એશે અભિષેક સાથે લગ્ન કરતા પોતાને આનંદ થયો હોવાનું જણાવ્યું હતું અભિષેકને પણ 'સારા ઘરના સંતાન' તરીકે વર્ણવ્યો હતો.

પોતાના શાહરૂખ ખાન સાથેના ઝઘડાઓ તેના સાથે વિતાવેલ સમય આ બધાનો નિખાલસતાથી એકરાર કર્યો કેટરીનાના જન્મ દિને તેને શાહરૂખ સાથે થયેલ કજિયા બાબતે પણ ઉલ્લેખ કર્યો હતો આમ તે સદા વિવાદમાં રહ્યો.

કાયદાની દૃષ્ટિએ એ બે બનાવમાં આરોપી તરીકે આલેખાયો રાજસ્થાનમાં દસ વર્ષ અગાઉ કાળિયારનો શિકાર કરવા માટે તેના ઉપર જોધપુર કોર્ટમાં કેસ ચાલુ છે, જ્યારે એવી અન્ય હરકત બાંદ્રા ખાતે ૨૦૦૨માં 'હીટ ઍન્ડ રન' ઘટના જેમાં મધરાતે બેકરીની બહાર સૂતેલાઓને ક્યડી મારી ત્યાર બાદ નાસી છૂટવાના આરોપ બાબતે કેસ ચાલે છે પોતાને આ ઘટનાઓથી દુઃખ થયાનું પણ કબૂલે છે.

કરણ- અર્જુનના નિર્માણ સમયે તેના અને શાહરૂખ ખાનના સંબંધો નજીકના હતા બન્ને પોતાને એકબીજાના ભાઇ ગણતા હતા. પરંતુ ત્યાર બાદ બંને વચ્ચે ગેરસમજણ ફૂટી નીકળવા લાગી.

ક્રિકેટર મોહમ્મદ આસીફ અભિનેત્રી નીતુ ચન્દ્રાને કાળમુખો લાગ્યો હતો

બોલિવુડન અભિનેત્રી નીતુ ચન્દ્રાએ પાકિસ્તાનના બોલર મોહમ્મદ આસીફ સાથે પોતાને કોઇ લીન્ક હોવાનો આજે ઇનકાર કર્યો હતો. દુનિયાની ક્રિકેટ સ્પોટ ફિકિસંગની તાજેતરની ઘટનાથી હચમચી ગઇ છે અને મોહમ્મદ આસીફ આ કૌભાંડનું એક સાચું અને મહત્ત્વનું પાત્ર છે.

આ વિવાદ શરૂ થવા માટે કેટલાક કારણો છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ માટે ઇન્ટરપોલ પોલીસ તેમજ સ્કોટલેન્ડ યાર્ડ પોલીસ દ્વારા અમુક દસ્તાવેજો તૈયાર કરવામાં આવ્યા હતા. તેમાંથી એક ડોક્યુમેન્ટમાંથી આ

નીતુ ચન્દ્રાની પબ્લિસિસ્ટ ડેલ ભગવાગર હવે નીતુની પ્રતિમા સ્વચ્છ કરી રહી છે

વાત લીક થઇ ગઇ હતી,

અહેવાલો પ્રમાણે ટેલિફોન નંબરના આ લિસ્ટમાં મુંબઇનો એક માત્ર નંબર હતો અને તે અભિનેત્રી નીતુ ચન્દ્રાનો હતો. આથી ચેનલોએ એવા તર્ક-વિતર્ક ચલાવ્યા હતા કે નીતુ ચન્દ્રા આ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કૌભાંડમાં જોડાયેલી હોઇ શકે. ન્યૂઝ ચેનલોએ એવો પણ દાવો કર્યો હતો કે લીક થયેલા દસ્તાવેજ મુજબ અભિનેત્રી નીતુ ચન્દ્રાએ વિવાદાસ્પદ ક્રિકેટર મો. આસીફને બે વખત ફોન કોલ કર્યા હતા અને બન્ને વચ્ચે એસએમએસની પણ આપ-લે થઇ હતી, જેમાં એ બન્નેએ ક્રિકેટની કેટલીક સંવેદનશીલ બાબતો અને સોદાઓ અંગેની માહિતી એકમેકને આપી હતી.

પરંતુ નીતુ ચન્દ્રાના પ્રચાર અધિકારી ડેલ ભગવાગરે આ બધા આરોપોનો ભારપૂર્વક ઇનકાર કર્યો છે.

નીતુને મોહમ્મદ આસીફ કેવો દેખાય છે તે પણ ખબર ન હતી. મારા બ્લેકબેરી પર મે આસીફની તસ્વીર નીતુને બતાવી ત્યારે એ બોલી ઊઠી હતી કે 'આ તો ઘણો કાળો છે.' આ વિવાદમાં નીતુનો ફોન નંબર કેવી રીતે આવ્યો તે પણ નીતુને ખબર નથી. નીતુ કહે છે કે,



આ મારી સામેનું કોઇ કાવતરું છે, આ માહિતી ડેલ ભગવાગરે આપી હતી.

નીતુ ચન્દ્રા પોતે સ્પોર્ટસ સાથે સંકળાયેલી છે. તાજેતરમાં એ કોમનવેલ્થ ગેઇમ્સ માટેની કવીન્સ બેટન લઇને દોડી હતી, પટના, બિહારની આ યુવતી નિયમિત બાસ્કેટબોલ રમે છે અને તાસેકવોન્ડોમાં એ બ્લેક બેલ્ટ સેકન્ડ ડેન ધરાવે છે.

જો કે એક સમયે મોહમ્મદ આસીફની માશૂકા વીના મલિકે નીતુએ આસીફને મોકલાવેલા તથાકથિત એસએમએસ પોતાની પાસે હોવાનું જાહેર કર્યું હતું. પણ આ વીના મલિક ક્રિકેટ જગતની એક પોપ્યુલર વેમ્પ બનવાની ક્ષમતા ધરાવતી હોઇ વીનાને કોઇ વિશ્વાસથી જોતું નથી.